દાદા ભગવાન પરિવારનું
ઓગસ્ટ ૨૦૨૩
પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# કિટ્ટા-બુચ્ચા

## સંપાદકીય

મિત્રો,

કિટ્ટા ! આ શબ્દ ક્યારેય સાંભળ્યો છે ? ફક્ત સાંભળ્યો જ નહીં, પણ ક્યારેક તો બોલ્યા પણ હોઈશું. ફ્રેન્ડ સાથે ઝઘડો કરીને એની સાથે બોલવાનું બંધ કરી દીધું હશે. પણ જ્યારે એ જ ફ્રેન્ડ સાથે 'બુચ્ચા' થઈ જાય, તો કેવી મજા પડે છે ! તો જો 'બુચ્ચા'માં જ મજા હોય, તો આપણે 'કિટ્ટા' કરીએ જ શું કરવા ?

ફ્રેન્ડશિપમાં શું 'કિટ્ટા-બુચ્ચા' હોવી જોઈએ ? સાચી ફ્રેન્ડશિપ કોને કહેવાય ? સાચા ફ્રેન્ડ્સ કેવા હોય ? શું આલુ-ચીલી સાચા ફ્રેન્ડ્સ છે ? સારા ફ્રેન્ડ બનવા માટે દર્શે કઈ એક વાત શીખી ? આપણે સારા ફ્રેન્ડ કેવી રીતે બનવું ? ચાલો, આ અંકમાં જ્ઞાનીની વાતો, વાર્તાઓ અને ઍક્ટિવિટિ દ્વારા આ પ્રશ્નોના જવાબ મેળવીએ.

- ડિમ્પલ મહેતા


**અક્રમ એક્સપ્રેસ**

વર્ષ : ૧૫, અંક : ૧૨
સળંગ અંક : ૧૮૦
ઓગસ્ટ ૨૦૨૩

.....................................

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

Editor: Dimple Mehta

Printer & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

Owned by and Published from
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

Printed at
Amba Multiprint
Opp. H B Kapadiya New High School,
Chhtral-Pratappura Road,
At-Chhatral, Tal. Kalol
Dist. Gandhinagar – 382729.



© 2023, Dada Bhagwan Foundation
All Rights Reserved



લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
પાંચ વર્ષ
ભારત : ૧,૦૦૦ રૂપિયા
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# જ્ઞાનીઓ કહે છે...

પ્રશ્નકર્તા : ફ્રેન્ડ સાથે ઝઘડો થાય ત્યારે એ મારી સાથે કિટ્ટા કરી નાખે છે. ત્યારે મારે શું કરવું ?

પૂજ્યશ્રી : આપણે ઝઘડો જ શું કામ કરીએ ? ઝઘડો જ ના કરીએ તો પછી કિટ્ટા જ ના લેવી પડે ને ? ઝઘડવાનું નહીં. આપણે પ્રેમથી, હળીમળીને, સંપીને રમવાનું. ઝઘડાની વાત આવે તો છોડી દેવાની. કઈ વાતથી ઝઘડો થાય છે ?

પ્રશ્નકર્તા : મારી ફ્રેન્ડ મને છોડીને બીજી ફ્રેન્ડ સાથે જતી રહે ત્યારે મને દુઃખ થાય.

પૂજ્યશ્રી : આપણી ફ્રેન્ડ બીજી સાથે વાત કરતી હોય તો દુઃખી નહીં થવાનું. એને પણ બધા સાથે ફ્રેન્ડશિપ રાખવાનો રાઈટ છે. મારે આવો કંટ્રોલ ના કરવો જોઈએ કે એ મારી સાથે જ ફ્રેન્ડશિપ રાખે.

એ જે કરે છે એનાથી આપણને દુઃખ થાય છે તો આપણે એવું કરો કે આપણાથી કોઈને દુઃખ ના થાય.

પ્રશ્નકર્તા : ફ્રેન્ડ્સ મારી સાથે કિટ્ટા કરે ત્યારે હું એમને ફ્રેન્ડ બનાવી દઉં છું. પણ એ લોકો મારી સાથે ઝઘડો વધારે છે.

પૂજ્યશ્રી : ઝઘડો થાય ત્યારે આપણે સમજણ પાડી જોવાની. પછી લાગે કે આ તો કોઈ સમજે એવું નથી તો આપણે પ્રાર્થના કરવાની, 'હે દાદા ભગવાન, આ બધાને શાંતિ થાય, ઝઘડામાંથી છૂટે એવી કૃપા કરો.'



થોડીવાર પછી ફ્રેન્ડ થશે. પ્રેશર કુકર હોય ને તે નીચેથી ગરમ કરે તો ઉપરથી સીટી વગાડે. એવું આ માણસને કો'ક બીજાથી દુઃખ થયું હોય તો આપણી પર ગરમી કાઢે (ઝઘડો કરે). આપણે ટાઢું પડવા દેવાનું. આપણે બીજી વાતો કરવી. એટલે પેલો ઝઘડો ભૂલી જશે.



# આ તો નવી જ વાત !

ફ્રેન્ડશિપ કોને કહેવાય કે આપણી ભૂલ થઈ હોય તો ફ્રેન્ડ આપણને સમજાવે અને સાચા રસ્તે લઈ જાય.

દા.ત. આપણે જૂઠું બોલીને કામ કરવા જઈએ ત્યારે ફ્રેન્ડ આપણને જૂઠું બોલતા અટકાવે.





ફ્રેન્ડશિપમાં આપણે મોટા મનનું થવું.

દા.ત. આપણને જરૂર હોય ત્યારે આપણને ફ્રેન્ડ મદદ ના કરે તો પણ જ્યારે એને જરૂર હોય ત્યારે આપણે એની હેલ્પ કરવી.






'બે ચીલી શેક, આલુ-ચીલી માટે !' 'ચિલ-વિથ-ચીલી' સ્ટૉલના વેટરે બેઉ ફ્રેન્ડ્સ સામે ગ્લાસ મૂક્યા.

આલુ તને ખબર છે, આ ફ્રાયડે 'ફેરી' સિનેમામાં એક નવું મૂવી આવે છે, 'ઈટ્સ એ વન્ડરફુલ ફ્લાઈટ.'

મારે એ મૂવી ફર્સ્ટ ડે, ફર્સ્ટ શોમાં જોવું જ છે. પ્લીઝ, પ્લીઝ, પ્લીઝ, આપણે જઈએ ?

'ફ્રાયડે તો થીઓના નવા કૅફેનું ઓપનિંગ પણ છે !' આલુએ ચીલી શેક એક જ ઘૂંટડામાં પતાવીને કહ્યું.

'થીઓનું કૅફે ?' ચીલી ધીમે ધીમે સ્ટ્રૉથી પોતાનું શેક પી રહ્યો હતો.

'એટલે એના ડેડીનું ! થીઓ કહેતો હતો કે પહેલા દિવસે બધી જ વસ્તુઓ અડધાથી પણ ઓછા ભાવમાં મળશે. જવા જેવું છે. ત્યાં જો, કેટલી મસ્ત ઍડ બનાવી છે.' આલુએ સ્ટૉલ પાસે ચોંટાડેલા પોસ્ટર તરફ ઈશારો કરીને કહ્યું.

'વૉટ ? ઓપનિંગનો અને શોનો ટાઈમ તો સરખો જ છે.' ચીલી મોટેથી બોલી ઊઠ્યો.

'થીઓનું કૅફે ઓપનિંગ તો મિસ નહીં જ કરાય.' આલુએ મક્કમ થઈને કહ્યું.

'અરે પણ હું ફર્સ્ટ ડે, ફર્સ્ટ શો નહીં જોઉં, તો જંગલના ફ્રેન્ડ્સ મને મૂવીની સ્ટોરી કહી દેશે !' ચીલીએ દલીલ કરી.

'કૅફે', 'મૂવી', 'કૅફે', 'મૂવી'... થોડી રકઝક ચાલી અને ત્યાં તો આલુએ એનો અંગૂઠો આંગળી ચીલી તરફ ઊંચો કરીને કહ્યું, 'કિટ્ટા.'

કિટ્ટા... એ શું છે ? ચીલીને સમજાયું નહીં.

પણ, જવાબ આપ્યા વગર જ આલુ સ્ટૉલ છોડીને જતો રહ્યો.

'આલુ, ઊભો રહે, ક્યાં જાય છે ?' પણ આલુ ઊભો ના રહ્યો.



પીગીએ આ બધું જોયું. એ ચીલી પાસે ગયો અને કહ્યું, 'કિટ્ટા એટલે હવે આલુ તારી સાથે વાત નહીં કરે.'

'શું ? એ તો શક્ય જ નથી ! એ હમણાં મારી પાસે પાછો આવશે.' ચીલીએ વિશ્વાસપૂર્વક કહ્યું અને સ્ટૉલની બહાર નીકળી ગયો.

આખો દિવસ ચીલીએ આલુની રાહ જોઈ. આસપાસ કંઈ પણ અવાજ થતો, તો ચીલીને થતું કે, આલુ આવ્યો, પણ એવું ના થયું.

બીજા દિવસે ચીલી આલુના ઘરે ગયો. દરવાજો બંધ હતો. આમ તો ચીલી આલુના ઘરે જવા માટે ક્યારેય અચકાયો નહોતો. પણ એ દિવસે એને કંઈક અલગ ફીલ થયું. એ અંદર જઈ જ ના શક્યો. આ 'કિટ્ટા' શબ્દથી બેઉ વચ્ચે ખબર નહી શું થઈ ગયું હતું ?!

ત્યાં તો આલુ ઘરની બહાર નીકળ્યો. પણ એ એકલો નહોતો. એની સાથે થીઓ પણ હતો. એ લોકો ક્યાંક બહાર જઈ રહ્યા હતા.

ચીલીને દુઃખ થયું, આલુ મારા વગર તો ક્યારેય કોઈ પ્લાન બનાવતો નથી. એને પીગીની વાત યાદ આવી, કિટ્ટાનો એન્ડ બુચ્ચાથી થાય. જો તું તારા ફ્રેન્ડની વાત માની લે, તો બુચ્ચા થઈ જાય.

ચીલી આલુને બહુ જ મિસ કરી રહ્યો હતો. એટલે એ જઈને આલુના ખભે બેસી ગયો. 'હાય આલુ ! બુચ્ચા, પ્લીઝ ? તને જે ગમે એ જ કરીશું. થીઓના કૅફે ઓપનિંગમાં જઈશું.' એમ કહી એણે પોતાના બે લાલ પીંછા ઊંચા કર્યા.

પહેલા તો આલુએ મોઢું ફેરવ્યું. પણ, પછી માની ગયો.

પહેલાની જેમ જ દિવસો પસાર થવા લાગ્યા. એક સાંજે આલુ અને ચીલી લેક પર બેસીને 'ફૉરેસ્ટ બોલ' ગેમની વાત કરી રહ્યા હતા.

'ખરેખર, શું ગેમ હતી !' ચીલી ખૂબ જોશમાં હતો કેમ કે એની ફેવરિટ ટીમ જીતી ગઈ હતી.

'ઝોરો ઝેબ્રા સખત રમ્યો. પણ વિનિંગ ટીમ લકી હતી !' આલુએ એની ટીમના પ્લેયરનો પક્ષ લીધો.

'લકી ? કમ ઑન, ટીમ એમની મહેનતથી જીતી. લકથી નહીં !' ચીલીએ કહ્યું.

'પણ, ઝોરો ઈઝ ધ બેસ્ટ !', આલુએ અકળાઈને કહ્યું.

પણ, ચીલીને આલુની અકળામણ દેખાઈ નહીં, 'મને તો એવું લાગે છે કે ઝોરો ગેમ પર વધારે ફોકસ કરે તો સારું.'

'ચીલી !'

'શું ?'

'કિટ્ટા !'

'શું ? પાછી ?'

'હવે હું એને મનાવવા નથી જવાનો.' ચીલીને પણ ગુસ્સો આવ્યો.

બીજા દિવસે ચીલી એકદમ આનંદમાં હતો. ધાર્યા પ્રમાણે એણે આલુને થીઓ સાથે ફરતા જોયો. પણ એને કંઈ જ ના થયું. એ જીફ્ફી જિરાફ અને ટોરો કાચબા પાસે ગયો અને ધીમેથી બધાને કંઈક કહ્યું. બધા જોરથી હસી પડ્યા. આલુની બધા પર નજર તો ગઈ પણ એણે મોઢું ફેરવી લીધું.

સાંજે આલુને 'ચીલી શેક' પીવાનું મન થયું. પણ ચીલી વગર 'ચીલી શેક'માં શું ટેસ્ટ આવે ! એ મોઢું નીચે રાખીને જઈ રહ્યો હતો, ત્યાં તો એને વાતચીત સંભળાઈ.

'ક્યારે આવશે પાર્ટીનો દિવસ ! મારાથી તો રાહ જ નથી જોવાતી.'

'મારાથી પણ... કેટલી બધી મજા આવશે નહીં પાર્ટીમાં !'

આલુના કાન ઊંચા થઈ ગયા, આ બધા કઈ પાર્ટીની વાતો કરી રહ્યા છે ?

એણે પૂછ્યું પણ કોઈએ કંઈ જવાબ ના આપ્યો. એ ઉદાસ થઈને આગળ વધ્યો ત્યાં સામે થીઓ મળ્યો.

'થીઓ, આ સન્ડે મારી સાથે ચીલી શેક પીવા આવીશ ?' આલુએ પૂછ્યું.

'સૉરી આલુ, આ સન્ડે તો મારે એક પાર્ટીમાં જવાનું છે.' થીઓએ કહ્યું અને ત્યાંથી ચાલ્યો ગયો.

આલુ બહુ સેડ થઈ ગયો. આ તો વળી કઈ પાર્ટી છે જેમાં બધા જવાના છે અને મને ખબર પણ નથી ! ત્યાં તો સામે પીગી મળ્યો.

'પીગી, તને ખબર છે બધા કઈ પાર્ટીની વાતો કરી રહ્યા છે ?' આલુએ પૂછ્યું.

'ચીલીએ એના ઘરે એક પાર્ટી રાખી છે.' પીગીએ કહ્યું અને આગળ નીકળી ગયો.

'ચીલીએ ?' આલુને ભારે આંચકો લાગ્યો.

પોતાનો ભાર હલકો કરવા માટે એ ડીડીમા પૉન્ડ પર ગયો. એના મનમાં જાતજાતના વિચારો ચાલી રહ્યા હતા.

ચીલીએ મને બોલાવ્યો પણ નહીં ?

'પણ, એ કરે કેવી રીતે ? મેં જ તો એની સાથે કિટ્ટા કરી હતી. આ વખતે તો એ મને મનાવવા પણ ના આવ્યો.'

'એ ના આવ્યો તો શું થઈ ગયું ? હું તો જઈ શકું છું ને !'



સન્ડે સાંજે ચીલીના ઘરે આલુ પહોંચી ગયો. આખો એરિયા ડેકોરેટ થયેલો હતો. લગભગ આખુ ડીડીમા જંગલ ત્યાં જ હતું. આલુની આંખો ભરાઈ ગઈ. ચીલીના માળા ઉપર મોટા અક્ષરે કંઈક લખેલું હતું. પણ, આંસુના કારણે આલુને એ લખાણ ધૂંધળું દેખાયું.

ત્યાં તો એને ચીલીનો અવાજ સંભળાયો, 'મને ખબર હતી કે તું ચોક્કસ આવીશ.'

ચીલીને જોઈને આલુની આંખોમાંથી દડ દડ આંસુ પડવા લાગ્યા.

'આઈ એમ સૉરી, ચીલી !'

ચીલીએ પ્રેમથી આલુના આંસુ લૂછ્યા. હવે, આલુને લખાણ ચોખ્ખું દેખાયું.

**"Aaloo Chilly Friendship Anniversary"**

'ચીલી, તને યાદ રહ્યું ?' આલુએ પૂછ્યું.

'હું કેવી રીતે ભૂલું કે આજના દિવસે જ તો તેં મને જંગલની આગમાંથી બચાવ્યો હતો !'

'આ કિટ્ટા-બુચ્ચા કરવા માટે મને માફ કરી દે, ચીલી.'

'આલુ, આપણને સેમ પ્લેયર ના ગમે એટલે એવું નહીં કે આપણે એકબીજાને નથી ગમતા.'

'કરેક્ટ ! અને જો તારે આ અઠવાડિયે મૂવી જોવા જવું હોય તો આપણે કૅફે નેક્સ્ટ વીક પણ જઈ શકીએ.' આલુએ કહ્યું.


'હા, ફાઈટ કેમ કરીએ જ્યારે આપણે સૉલ્વ કરી શકીએ ?' ચીલીએ કહ્યું.

'ફ્રેન્ડશિપમાં નો કિટ્ટા, નો બુચ્ચા.' કહી આલુ-ચીલી એકબીજાને ભેટી પડ્યા.



# ચાલો રમીએ...

**આલુ-ચિલીની પાર્ટીમાં આવવા નીકળેલા એમના ફ્રેન્ડ્સને સાચો રસ્તો શોધી પાર્ટી સુધી પહોંચવામાં મદદ કરો.**



# FIND


નીચે આપેલા અક્રમ એક્સપ્રેસના
કવરપેજ પરથી ટોપિકના નામ લખો
અને ૯૩૧૩૬૬૫૫૬૨ નંબર પર
૧૫ ઑગષ્ટ પહેલા
વોટ્સએપ કરો. સૌથી વધુ
અને સૌથી જલ્દી નામ
મોકલનારને મળશે
ગિફ્ટ.




MY NAME
અક્રમ એક્સપ્રેસ
अक्रम एक्सप्रेस
AKRAM Express
March 2020
?
I don't know...
What will happen ?
I can't do...
Oh no!
I am not smart...
It's too hard...
STOP
11

# ચાલો રમીએ...

નીચે આપેલા ૧૩ પ્રશ્નોના જવાબ બાજુમાં આપેલા ચિત્રમાં શોધો. અને ૯૩૧૩૬૬૫૫૬૨ નંબર પર ૧૫ ઑગષ્ટ પહેલા તમારા જવાબનો ફોટો વોટ્સએપ કરો.



૧. ભારતનો રાષ્ટ્રીય ધ્વજ

૨.ભારતનું રાષ્ટ્રચિન્હ

૩. ભારતનું રાષ્ટ્રીય પ્રાણી

૪. ભારતનું રાષ્ટ્રીય પક્ષી

૫. ભારતનું રાષ્ટ્રીય ફૂલ

૬. ભારતનું રાષ્ટ્રીય ફળ

૭. ભારતીય ચલણનું પ્રતીક

૮. ભારતનું રાષ્ટ્રીય જળચર

૯. ભારતના રાષ્ટ્રીય પિતા


૧૦. ભારતનું રાષ્ટ્રીય નૃત્ય

૧૧. ભારતનું રાષ્ટ્રીય વૃક્ષ

૧૨. ભારતનું રાષ્ટ્રીય શાકભાજી

૧૩. ભારતની રાજધાની

# Best Buddy



સ્કૂલમાં દર્શનો પહેલો દિવસ હતો. સાંજે સ્કૂલ બસમાં.
હાય, આઈ એમ અખિલ. કેવો રહ્યો તારો ફર્સ્ટ ડે ?
ઓકે હતો.
અખિલ રોજ દર્શ પાસે આવી જતો. રિસેસમાં,
અરે વાહ ! નૂડલ્સ કેટલા ટેસ્ટી છે !
મારા ફેવરિટ છે !
દર્શ અને અખિલ સારા મિત્રો બની ગયા. બન્ને એકબીજાના ઘરે જઈને ભણતા અને રમતા.
એક સાંજે અખિલના ઘરે,
વાઉ ! નૂડલ્સ... થેન્ક યૂ આન્ટી.
અખિલે મને કહ્યું કે તારા ફેવરિટ છે.
દર્શના બર્થ ડેના આગલા દિવસે,
અખિલ, કાલે તું મારી સાથે બધાને ચોકલેટ આપવા આવીશ ને ?
હા, હા, પાકું !


બર્થ ડેના દિવસે બધાએ દર્શને વિશ કર્યું પણ, અખિલ ક્યાંય ના દેખાયો. દર્શ અખિલને બધે જ શોધી વળ્યો.
ક્લાસ શરૂ થવાનો હતો ત્યારે કૉરિડૉરમાં,
અરે, આ અખિલ મને મૂકીને ક્યાં જઈ રહ્યો છે ?
મારા બર્થ ડે પર એ મને એકલો છોડીને જતો રહ્યો ?! એની સાથે કિટ્ટા !
બીજા દિવસથી દિવાળીની રજાઓ શરૂ થઈ.
દિવાળી વેકેશનમાં,
દર્શ, તું અને અખિલ કેમ મળતા નથી ?
બસ, મેં એની સાથે કિટ્ટા કરી છે. જો ને, એણે મને એકવાર પણ ફોન નથી કર્યો.


તો તું કરી લે ને !
હું શું કામ કરું ? એ મને મારા બર્થ ડે પર એકલો મૂકીને બીજા છોકરા સાથે જતો રહ્યો હતો.
આટલી નાની વાતમાં ફ્રેન્ડશિપ તોડી નખાય ? વેકેશનનો આટલો સરસ ટાઈમ રિસાઈને વેસ્ટ કરાય ?
એણે પ્રૉમિસ બ્રેક કર્યું. મને એકલો પાડી દીધો. હું ફોન નહીં કરું.
સ્કૂલ શરૂ થઈ. અખિલ સ્કૂલે નહોતો આવ્યો.
અખિલ સ્કૂલે કેમ નહીં આવ્યો હોય ? રિષભને પૂછું, એને ખબર હશે.
તને નથી ખબર ? વેકેશનના આગલા દિવસે એના મમ્મીને હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. અખિલનો કઝીન એને સ્કૂલે લેવા આવ્યો હતો.
શું ?!
અખિલના ઘરે,
આન્ટી, હવે તમને કેમ છે ?
સારું છે. આખું વેકેશન અખિલે મારું ખૂબ ધ્યાન રાખ્યું.


સૉરી અખિલ, વેકેશનમાં મેં તને એકવાર પણ ફોન ના કર્યો. મને એમ કે...
શું ?
કંઈ નહીં. મારી જ મિસઅન્ડરસ્ટેન્ડિંગ (ગેરસમજ) હતી. એકવાર વાત કરી લીધી હોત તો આ બધું ક્લિયર થઈ જાત.
તારે શું ક્લિયર કરવાનું હતું એ તો મને નથી ખબર. પણ એક વાત ક્લિયર છે.
શું ?
કે હું તારા બર્થ ડેની પાર્ટી લીધા વગર તને નહીં છોડું.
અને હું ક્યારેય મિસઅન્ડરસ્ટેન્ડિંગના કારણે ફ્રેન્ડશિપ નહીં તોડું.
અને બન્ને એકબીજાને ભેટી પડ્યા.

# રૂબી - ઝુબી ફ્રેન્ડશીપ શેક

'રૂબી-ઝુબી ફ્રેન્ડશિપ શેક' વર્લ્ડ ફેમસ છે. પણ રૂબી અને ઝુબીની શૉપ પર એ શેક પીવા જવું હોય તો સાથે એક ફ્રેન્ડને લઈ જવું જરૂરી છે. કેમ ? કેમ કે, રૂબી-ઝુબી શેકની રેસીપીમાં એમની ફ્રેન્ડશિપ સ્ટોરી છે. જે એકદમ હટકે છે !

નાનપણથી બન્ને એક જ ક્લાસમાં ભણતા હતા પણ એકબીજાથી સાવ જુદા હતા. રૂબી સાવ શાંત અને ઝુબીની વાતો ખૂટે નહીં. ઝુબીની વાતો બંધ કરાવવા ટીચરે એને રૂબીની પાસે બેસાડી દીધી.

રૂબીને મનમાં થયું, અરે રે ! હવે આ મારું માથું ખાઈ જશે.

એક દિવસ ઝુબીએ એની મમ્મીએ બનાવેલો સ્ટ્રોબેરી મિલ્કશેક રૂબીને ઑફર કર્યો. રૂબીને ખૂબ જ યમી લાગ્યો. એટલે રોજ ઝુબી, રૂબી સાથે શેક ***શેર*** કરવા લાગી. આમ, જોતા જોતા રૂબી અને ઝુબી સારા ફ્રેન્ડ્સ બની ગયા.

એક દિવસ, ચાલુ ક્લાસ દરમિયાન ઝુબી, રૂબી સાથે વાતો કરી રહી હતી. રૂબી જ્યારે ઝુબીને ચૂપ રહેવા માટે કહી રહી હતી, ત્યારે જ ટીચરે રૂબીને પકડી અને પનિશ કરી. વાતો ઝુબી કરી રહી હતી અને પનિશમેન્ટ મળી રૂબીને. ક્લાસ પત્યો એટલે ઝુબીએ રૂબીને 'સૉરી' કીધું. ઝુબીએ ધારી લીધું હતું કે એના વાંકે રૂબીને પનિશમેન્ટ મળી છે એટલે ઝઘડો પાકો. પણ રૂબીએ ગુસ્સે થવાના બદલે કહ્યું, 'યાર, ઈટ્સ ઓકે ! દોસ્તીમાં તો આવું થાય.' અને બસ, ત્યારથી બન્ને વચ્ચે પાકી દોસ્તી થઈ ગઈ.

ફ્રેન્ડની ભૂલના લીધે રૂબીને પ્રૉબ્લેમ થયો, પણ એની સાથે ઝઘડો કરવાના બદલે એણે ઝુબીને ***માફી*** આપી દીધી.

અને ત્યાર પછી તો જોવાનું જ શું રહ્યું ! સ્પૉર્ટ્સ હોય કે ભણવાનું, બેઉ સાથે જ કરતા.

રૂબીને બાસ્કેટ બોલ રમવું ગમતું હતું પણ કોઈ એને ટીમમાં રાખતું નહોતું. ઝુબીએ કહ્યું, 'ચાલ, આવી જા મારી ટીમમાં !' ત્યારે બીજા પ્લેયરે કહ્યું, 'રહેવા દે, એ સામેની ટીમમાં બાસ્કેટમાં બોલ નાખીને એમને પૉઈન્ટ અપાવી દેશે.' ઝુબીએ તરત જ જવાબ આપ્યો, 'રૂબી, તું જરાય ગભરાઈશ નહીં, હું તને હેલ્પ કરીશ.' ઝુબીના આવા ***સપૉર્ટ અને હેલ્પ*** થી રૂબી ફર્સ્ટ ક્લાસ બાસ્કેટ બોલ રમવા લાગી. રૂબી અને ઝુબી મોટા થયા. પણ, એમની ફ્રેન્ડશિપ એટલી જ સ્ટ્રોંગ રહી. બન્નેએ સાથે મળીને એક મિલ્કશેકની રેસીપી બનાવી. આસપાસના લોકોને એમનો મિલ્કશેક બહુ જ ભાવ્યો. એટલે, એમણે ઘરે 'રૂબી-ઝુબી મિલ્કશેક' બનાવીને એનું વેચાણ શરૂ કર્યું. રૂબીને એક સરસ મજાની 'મિલ્કશેક શૉપ' ખોલવી હતી.

રૂબીનું આ સપનું પૂરું કરવા માટે ઝુબી બહાર ફરીને ખૂબ મહેનત કરવા લાગી. મિલ્કશેક બનાવવાનું કામ રૂબી એકલા હાથે ઘરે રહીને કરતી. બન્ને એકબીજા સાથે સરસ ***એડજસ્ટમેન્ટ*** લેતા. લોકો રૂબીને કહેતા, 'ઝુબી તો ખાલી મજા કરે છે અને બધી મહેનત તારી પાસે કરાવે છે.' પણ રૂબીએ આ બધી નેગેટિવ વાતોની અસર ના થવા દીધી અને ઝુબી પરનો પોતાનો ***વિશ્વાસ*** હલવા ના દીધો.


એક દિવસ ઝુબી નવી શૉપ માટે ડીલ કરવા ગઈ હતી. પાછી આવીને એ સીધી કિચન ફ્લોર પર બેસી ગઈ. 'શું થયું ઝુબી ? કેમ અપસેટ છે ?' રૂબી પણ એની બાજુમાં બેસી ગઈ, 'ડીલ ના થઈ હોય તો કંઈ વાંધો નહીં. આપણે ઘરમાં રહીને પણ મિલ્કશેક સેલ કરી શકીએ છીએ. તું બિલકુલ ચિંતા ના કરીશ.'

ઝુબીએ કંઈ બોલ્યા વગર રૂબીનો હાથ પોતાના હાથમાં લીધો અને એમાં એક ચાવી મૂકી. અને જોરથી હસીને કહ્યું, 'સર...પ્રાઈઝ !' રૂબીને તો કંઈ સમજાયું જ નહીં. આંખોમાં ચમક સાથે ઝુબીએ કહ્યું, 'આ છે આપણી ફ્રેન્ડશિપ મિલ્કશેક શૉપની ચાવી !' રૂબીની ખુશીનો પાર ના રહ્યો. તેઓની મહેનત સફળ થઈ રહી હતી. આ સફળતા પાછળનું રહસ્ય હતું કે બન્ને ફ્રેન્ડ્સે હંમેશાં પોતાની નહીં પણ પોતાના ફ્રેન્ડની ***ખુશી*** નું ધ્યાન રાખ્યું હતું.

આગળ જતા, રૂબી અને ઝુબીની લાઈફમાં બહુ બધા પ્રૉબ્લેમ્સ આવ્યા. પણ, સાચી સમજણના કારણે એમની ફ્રેન્ડશિપ હંમેશાં સ્ટ્રોંગ રહી.

શું તમને આ વાર્તામાંથી ફ્રેન્ડશિપ મિલ્કશેકના ૬ સિક્રેટ ઈન્ગ્રીડિઅન્ટ્સ મળી ગયા ?

તો ચાલો રેડી થઈ જાવ. રૂબી-ઝુબી ફ્રેન્ડશિપ મિલ્કશેક બનાવવા !





## તમને જોઈશે...

| | |
|---|---|
| કિટકેટ (*શેર*) | - ૨ |
| દૂધ (*પ્યૉર*) | - ૧૫૦ મિલી |
| આઈસ્ક્રીમ (*એડજસ્ટેબલ*) | - ૧૦૦મિલી |
| ખાંડ (*ખુશીની મીઠાશ*) | - સ્વાદ પ્રમાણે |
| ચોકલેટ સિરપ (*સપૉર્ટ અને હેલ્પ*) | - ૧-૨ ચમચી |
| ચોકલેટ ચિપ (*વિશ્વાસ*) | - ૧ ચમચી |



2 શેર કિટકેટના ટુકડાને મિક્સરમાં એડ કરીએ.



3 ઓગાળીને દૂધ સાથે એડજસ્ટ થઈ જાય એવો આઈસ્ક્રીમ એમાં એડ કરીએ.



4 એમાં એકબીજાની ખુશીની મીઠાશ (ખાંડ) એડ કરીએ.



5 માફી માગીને જે હંમેશાં પ્યૉર રહે, એવું મિલ્ક મિક્સરમાં મેળવીએ.

6 આ બધાને બ્લેન્ડરમાં બ્લેન્ડ કરી દઈએ.



7 એમાં હેલ્પ અને સપૉર્ટની ચોકલેટ સિરપ એડ કરીએ.



8 અને છેલ્લે વિશ્વાસની ચોકલેટથી શેકને વધુ ટેસ્ટી બનાવીએ.



Akram Express

August 2023
Year : 15, Issue : 12
Conti. Issue No.: 180

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2021-2023
valid upto 31.12.2023
Licensed to Post Without Pre-payment No.
PMG/NG/040/2021-2023
valid upto 31.12.2023
Posted at Adalaj Post Office on 08th of every month

# Happy Birthday Akram Express

## Toon story Contest

૧૫મા બર્થ ડે પર અક્રમ એક્સપ્રેસ લાવ્યું છે એક મસ્ત મજાનું કૉન્ટેસ્ટ.
**જેમાં કોઇ પણ ઉંમરના વ્યક્તિ ભાગ લઈ શકે છે...**

આ કૉન્ટેસ્ટમાં આપણે બનાવીશું **ટુન્સ સ્ટોરી...**જેના ટુન્સ એટલે કે **કાર્ટુન્સ આપણે જાતે ડ્રો કરીને સ્ટોરી સાથે મોકલાવીશું...**અને હા, સ્ટોરી માત્ર **૧૦૦-૧૫૦ શબ્દોની** જ હોવી જોઇએ.

તો રાહ શેની જુઓ છો મિત્રો, ૧૫ તારીખ પહેલા **૯૩૧૩૬૬૫૫૬૨** નંબર પર અમને વોટ્સએપ કરી આપો અને મેળવો અક્રમ એક્સપ્રેસ પાસેથી મસ્ત મજાનું **ગિફ્ટ.**

**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.
અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

DBF • અડાલજ

*Publisher, Printer & Editor - Dimple Mehta on Behalf of Mahavideh Foundation*
*Printed at Amba Multiprint, Opp. H B Kapadiya New High School, Chhtral-Pratappura Road, At-Chhatral, Tal. Kalol, Dist. Gandhinagar – 382729.*